GJPM050029062022

| કેસ દાખલ તારીખ | ૨૮/૧૧/૨૦૨૨ | | |
|---|---|---|---|
| કેસ રજી. લીધા તારીખ | ૨૮/૧૧/૨૦૨૨ | | |
| કેસ ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૬ | ૨૧ |

*******************************************

**<u>શહેરાના મહેરબાન એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુકામ:- શહેરા.</u>**

*******************************************

**<u>ક્રિમીનલ કેસ નંબર :</u> <u>૨૪૦૫/૨૦૨૨</u>**

**આંક :**

**ફરીયાદી :-** શ્રી સરકાર.

**:: <u>વિરુદ્ધ</u> ::**

**આરોપી :-** લક્ષ્મણભાઇ ઉર્ફે લક્કી કુકાભાઇ ગઢવી,
રહે.: ગઢવી ફળીયું, જોધપુર-શેખપુર,
તા. શહેરા, જી. પંચમહાલ.

**ગુન્હો ::-** **<u>ઇ.પી.કો. કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩-૧૮૧ મુજબ</u>**

**સરકાર પક્ષ તરફે :: એ.પી.પી. શ્રી કે.એન.પરમાર**

**બચાવ પક્ષ તરફે :: વિ.વ. શ્રી ડી.એમ્.પરમાર**

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૦૯/૦૧/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ વાગ્યે મોજે ભોટવા-શેખપુર રોડ ઉપર ભોટવા ચોકડીથી આશરે બસો મીટર દુર શેખપુર ગામ તરફ જતા પાકા ડામર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની સી.એન.જી. ઓટો રીક્ષા જે પીળા તેમજ લીલા કલરના પટ્ટાવાળી જેનો રજી. નં. GJ-20-W-

5297 અને એન્જિન નં. ECR19J6165 નો છે તે પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા તેમા બેસેલ સાહેદ રમીલાબેન વા/ઓફ લાલાભાઇ દેવાભાઇ બારીઆ નાઓ અકસ્માતે નીચે રોડ ઉપર પડી જતા તેઓને ડાબા પગે તથા શરીરે ઓછી વત્તી ઈજાનો અને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજા તથા સારવાર દરમિયાન મરણ ગયેલ તેમજ આ કામના આરોપીએ જે તે વખતે સ્થળ ઉપરથી પોતાની સી.એન.જી. ઓટો રીક્ષા નં. GJ–20–W–5297 નાની લઈ નાસી જઈ તપાસ દરમિયાન પકડાઈ જઈ પોતાનુ ડ્રાઈવીંગ લાયસન્સ તથા પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા નં. GJ–20–W–5297 જેનો એન્જિન નં. ECR19J6165 નો છે તેના વિમા પોલીસીના કાગળો રજુ નહી કરી ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩–૧૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ થતા આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોક્ત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦/ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે ગુન્હા અંગે તહોમતનામું ફરમાવી તે વાંચી સંભળાવી સમજાવતા તેમજ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ છે.

(૩) **ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ કાળૂભાઇ બાધરભાઇ બારીઆની જુબાની | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨ | ફરીયાદી સુમીત્રાબેન લાલાભાઇ બારીઆની જુબાની | ૧૧ |
| ૩ | ડો.સાહેદ ડો.મનીષ ચીમનલાલ સુતરીયાની જુબાની | ૧૩ |
| ૪ | ડો.સાહેદ ડો.ભાવિનભાઇ રમેશચંદ્ર પટેલની જુબાની | ૨૨ |
| ૫ | પંચ સાહેદ બ્રીજેશકુમાર વિક્રમસિંહ રાઠોડની જુબાની | ૩૨ |
| ૬ | પંચ સાહેદ જયંતીભાઇ મોતીભાઇ નાયકની જુબાની | ૩૪ |
| ૭ | ત.ક.અમલદાર રાજેન્દ્રભાઇ બાબુભાઇ ઝાલાની જુબાની | ૪૨ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | પોલીસ ચાદી | ૧૪ |
| ૩ | પી.એમ.નોટ | ૧૫ |
| ૪ | એમ.એલ.સી. સર્ટી. | ૨૩ |
| ૫ | ક્રિટીકલ કન્ડીશનની જાણ અંગેની ફોટો કોપી | ૨૪ |
| ૬ | કન્સેન્ટ લેટરની ફોટો કોપી | ૨૫ |
| ૭ | શરીર સ્થિતીનું પંચનામુ | ૩૩ |
| ૮ | ગુન્હા વાળી જગ્યાનું પંચનામુ | ૩૫ |
| ૯ | મરણોત્તર પંચનામુ | ૩૬ |

(૪) સદરહુ કામે ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા આ કામના આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧/ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુન્હાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા

કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુન્હો પુરવાર થતો ન હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) **આમ, ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.**

૧.) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૯/૦૧/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ વાગ્યે મોજે ભોટવા-શેખપુર રોડ ઉપર ભોટવા ચોકડીથી આશરે બસો મીટર દુર શેખપુર ગામ તરફ જતા પાકા ડામર રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની સી.એન.જી. ઓટો રીક્ષા જે પીળા તેમજ લીલા કલરના પટ્ટાવાળી જેનો રજી. નં. GJ-20-W-5297 અને એન્જિન નં. ECR19J6165 નો છે તે પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા તેમા બેસેલ સાહેદ રમીલાબેન વા/ઓફ લાલાભાઇ દેવાભાઈ બારીઆ નાઓ અકસ્માતે નીચે રોડ ઉપર પડી જતા તેઓને ડાબા પગે તથા શરીરે ઓછી વત્તી ઈજાનો અને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજા તથા સારવાર દરમિયાન મરણ ગયેલ તેમજ આ કામના આરોપીએ જે તે વખતે સ્થળ ઉપરથી પોતાની સી.એન.જી. ઓટો રીક્ષા નં. GJ-20-W-5297 નાની લઈ નાસી જઈ તપાસ દરમિયાન પકડાઈ જઈ પોતાનુ ડ્રાઈવીંગ લાયસન્સ તથા પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા નં. GJ-20-W-5297 જેનો એન્જિન નં. ECR19J6165 નો છે તેના વિમા પોલીસીના કાગળો રજુ નહી કરી ઈ.પી.કો. કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭,

૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩–૧૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨.) શું હુકમ ?

(૭) **ઉપરોક્ત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.**

૧.) નકારમાં.

૨.) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર :–૧**

સદર કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂધ્ધ તે મુજબના માંખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહીત પુરવાર કરવો જોઈએ. આરોપી પક્ષે ઉલટ તપાસ ધ્વારા ફરીયાદ પક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદ પક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌ પ્રથમ ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવુ કાયદાનુ ધોરણ છે.

(૮) **આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબના સાહેદોને સોગંદ પર તપાસેલ છે.**

(૮.૧) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૦૯ થી સાહેદ કાળૂભાઇ બાધરભાઇ બારીઆ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ એકાદ વર્ષ આગાઉ શેખપુર ગામે શેખપુર ચોકડીથી નીચેના ભાગમાં થયેલો અને અકસ્માતમાં એક બેનને વાગેલ અને ત્યારબાદ ૧૦૮ ને ફોન કરી બે ત્રણ હોસ્પીટલમાં સારવાર માટે જતા પરંતુ કોરોનો ટાઇમ હોઇ લીધેલ નહી જેથી વિનાયક હોસ્પીટલ લુણાવાડા ખાતે દવા સારવાર

કરાવેલી અને તેના સબંધીઓ આવતા અમો તેમને સોંપી જતા રહેલા. પોલીસે બનાવ બાબતે તેઓનો જવાબ લીધેલો .

વધુમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે બનાવ વિશે તેઓને કોઇ જાતમાહીતી નથી .

(૮.૨) આ કામે આરોપી વિરુદ્ધનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે આંક-૧૧ થી ફરીયાદી સુમીત્રાબેન લાલાભાઈ બારીઆ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી બે વર્ષ અગાઉ બનેલો. બનાવમાં તેઓ તથા તેઓના મમ્મી હાલોલથી ૧-૩૦ વાગ્યાના સુમારે રીક્ષામાં બેસીને જતા હતા ત્યારે તેઓના મમ્મી રમીલાબેન લાલાભાઈ સેજપુર રોડ પર રીક્ષામાંથી પડી ગયેલ તેઓની માતાને માથાના ભાગે ઈજાઓ થયેલી. તેઓની માતાને ૧૦૮ માં લુણાવાડા ખાતે ખાનગી હોસ્પીટલમાં દવા સારવાર માટે લઈ ગયેલા. રીક્ષાનો નંબર તેઓને ખબર નથી. તેઓની માતા રીક્ષમાંથી પડી ગયા બાદ તેઓને ખબર પડેલી. તેઓ વાહન ચાલકને ઓળખી શકે નહી તેવુ જણાવેલ. તેઓએ આવેશમાં આવી ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક- ૧૨ થી રજુ કરેલ છે.

આમ, સદરહુ ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને સાહેદની ફરીયાદ પક્ષ દ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમ છતા પણ ફરીયાદ પક્ષ તેમને મદદરૂપ થઈ શકે તેવો કોઈ જ પુરાવો આ સાહેદની પાસેથી બહાર કઢાવી શકેલ નથી.

વધુમાં ફરીયાદી તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, રીક્ષામાં ઘણાબધા

પેસેન્જરો બેઠેલ હોય બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને ખબર નથી. એ વાત ખરી છે કે, તેઓની માતા ગુજરી જવાથી તેના વળતર નો કેસગોધરા કોર્ટમાં કરેલ છે.

(૮.૩) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૧૩ થી ડો.સાહેદ ડો.મનીષ ચીમનલાલ સુતરીયા નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, તા. ૨૮/૦૧/૨૦૨૨ ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ખાતે તેઓની ફરજ પર હાજર હતા ત્યારે એક શબ નામે રમીલાબેન લાલભાઈ બારીઆ, ઉ.વ. -૩૬ નાઓનુ શબ એ.એસ.આઈ. શાહીબાગ પોસ્ટે ની યાદી સાથે તખુસિંહ બ નં-૮૧૪૭ લાવેલ હતા જેનુ પીએમ તેઓએ તે જ દીવસે સવારે ૭-૦૦ કલાકે શરૂ કર્યુ અને ૮-૦૦ વાગ્યે પુર્ણ કર્યુ. શબનુ બાહ્ય પરીક્ષણ કરતા એક સ્ત્રી જાતીનું ૩૬ વર્ષની ઉમરનું શબ હતુ જેને લીલા રંગનો ચણીયો પહેરેલ હતો. શબ ઓળખાયેલ મધ્યમ બાંધાનો અને થંડુ હતુ. રાયગરમોર્ટીસ આખા શરીર પર હાજર હતો. પીએમ લીવીડીટી શરીરના પાછળના ભાગે ફિક્સ હતી. આંખો અને મોઢુ અર્ધ ખુલ્લુ હતુ, ગુપ્ત ભાગ પર કોઈ ઈજા નહતી. કોલમ નં-૧૭ માં ૧. ટાંકા લીધેલો ઘા માથામાં ડાબી બાજુ ૩૮ સેમી ના માપ નો જે ઓપરેશન કર્યા નો છે, ૨. એક ઘસરકો ૨ x ૧ સેમી ના માપનો ડાબા પગમાં હતો, ૩.એક ઘસરકો ૩ x ૨ સેમી ના માપનો ડાબી પાની પર હતો, ૪.ગળામાં સ્વાસ લેવા માટે કાણુ પાડેલ હતો, ઉપર ની તમામ ઈજાઓ મ્રત્યુ પહેલાની હતી. શબની આંતરીક પરીક્ષણ કરતા માથામાં ડાબી બાજુ કરેનીયો ટોમી ઓપરેશન કરેલ હતો . આખા મગજ પર શબ એરેકનોઈડ હેમરેજ હતુ. બન્ને ફેફસા કંજસ્ટેડ અને સુજેલા હતા હ્રદય અને હોજરી ખાલી હતી, આંતરડામાં મળ અને ગેસ હતો, પેટ ના અવય્યો કંજેસ્ટેડ હતા, પેશાબની કોથળી ખાલી હતી. તેઓના અભીપ્રાય મુજબ રમીલાબેનનુ મૃત્યુ માથામાં થયેલી ઈજાને કારણે હ્રદય અને શ્વાસની પ્રક્રીયા બંધ થવાના કારણે થયેલ. દર્દી પર ઓપરેશન

કરેલ હતુ. પીએમ નોટ તેઓના હસ્તાક્ષરમાં લખેલ છે જેમાં તેઓની સહી અને હોદ્દાનો સીલ છે જે ઓળખી બતાવેલ છે. તેઓની સાથે યાદી તથા પીએમ નોટ લાવેલ જે આ કામે આંક– ૧૪ અને ૧૫ થી રજુ કરેલ છે.

વધુમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે તેઓની પાસે માત્ર શબ આવેલુ તે અગાઉ ઈજાઓ કેવા સંજોગામાં અને કેવી રીતે થયેલી તેની તેઓને કોઈ માહીતી નથી.

(૮.૪) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૨૨ થી ડો.સાહેદ ડો.ભાવિનભાઇ રમેશચંદ્ર પટેલ નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૯–૧–૨૦૨૨ના રોજ વિનાયક ઓર્થો હોસ્પીટલમાં ફરજ બજાવતો હતો તે સમયે તા. ૯–૧–૨૦૨૨ના સમય પાંચ ઝીરો ઝીરો પી.એમ. વાગ્યે દર્દી બારીઆ રમીલાબેન લાલાભાઈ ઉ.વ.૩૭ રહેવાસી આંબલીયા ગુજરાત નાઓ આવેલ. તેમને અકસ્માતના કારણે માથામા ઈજા થયેલી. માથામા હેમરેજ થવાથી ઇમરજન્સી ઓપરેશન કરેલ અને જીવ બચાવાનો પ્રયાસ કરેલ. ઓપરેશન પછી દર્દીની સ્થિતી સારી હતી પણ ૨૪ કલાક પછી દર્દીના વાઇટલ્સમાં પરીવર્તન થતા આગળ જવાની સલાહ આપેલ હતી. તેઓ એમએલસી સર્ટી અને દવા સારવાર અંગેના કાગળો એટલે કે મેડીકલ પેપર આ કામે આંક– ૨૩ થી રજુ કરેલ છે. ત્યારબાદ ક્રિટીકલ કન્ડીશનની જાણ કરેલ છે તે ફોટોકોપી આરોપી તરફે સંમતી આપવામાં આવતા આંક– ૨૪ થી રજુ કરેલ છે. ત્યારબાદ કન્સેન્ટ લેટર ફોટકોપી આરોપી તરફે સંમતિ આપવામાં આવતા આંક– ૨૫ થી રજુ કરેલ છે.

વધુમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે સખત બોથડ પદાર્થ વાગવાથી આવી ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે તેઓએ રજુ કરેલ એમએલસીમા કેવી રીતે અકસ્માત થયેલ તે જણાવેલ

નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સદરહુ પેશન્ટને લઈને આવેલ રીલેટીવે એવી હિસ્ટ્રી આપેલ કે રોડ ટ્રાફીક એક્સીડેન્ટની હિસ્ટ્રી આપેલ છે અને તેઓએ એમએલસીમા લખેલ છે. એ વાત ખરી છે કે, આંક–૨૩ વાળા એમએલસીમા નથી લખેલ કે અકસ્માત કેવી રીતે થયેલ છે.

(૮.૫) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૩૨ થી પંચ સાહેદ બ્રીજેશકુમાર વિક્રમસિંહ રાઠોડ તથા આંક: ૩૪ થી પંચ સાહેદ જયંતીભાઈ મોતીભાઈ નાયક નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે અઢી વર્ષ અગાઉ પોલીસના બોલાવવાથી પંચ તરીકે ગયેલ અને એક લખેલા તૈયાર કાગળ માં મેં શરીરસ્થીતીના પંચનામામાં સહી કરવા કહેતા સહી કરેલી. તેમને પંચનામુ બતાવવમાં આવે છે તેમાં તેઓની સહી છે જે આ કામે આંક–૩૩ થી રજુ કરેલ છે.

આમ, તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન નહીં આપતા એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી આ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા અને ત્યારબાદ એ.પી.પી.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી આ પંચ સાહેદની જુબાનીમાં રજુ થયેલ પંચનામુ સાબીત થયેલ નથી.

વધુમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, એક લેપટોપમાં તૈયાર કરેલા પંચનમામાં સહી કર્યા સીવાય કંઇ જાણતા નથી. એ વાત ખરી છે કે, તેઓની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ નથી.

(૮.૬) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આંક: ૪૨ થી ત.ક.અમલદાર રાજેન્દ્રભાઈ બાબુભાઈ ઝાલા નાઓને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, ગત તા. ૧૨/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ શહેરા પોસ્ટે ખાતે એ.હે.કો. તરીકે ફરજ પર હાજર

હતા ત્યારે શહેરા પો સ્ટે ગુરનં.૨૩/૨૦૨૨ ઈપીકો એક્ટ કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(એ) તથા એમ વી એક્ટ નીકલમ ૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩-૧૮૧ મુજબ ની ફરીયાદ ફરીયાદીએ આરોપી વીરૂદ્ધ નોંધાવેલ. જેની આગળ ની તપાસ તેઓને ડેપ્યુટ હુકમથી સોંપેલ. વધુમાં આગળની તપાસ સંભાળી લીધેલ અને લાગતા-વળગતા સાહેદોના નીવેદનો લીધા અને પંચનામુ કરી જરૂરી સારવાર સર્ટી તથા પીએમ નોટ મેળવી ચાર્જશીટ સાથે રાખી આરોપીઓ વીરુધ્ધ પુરતો પુરાવો પડતો હોય આરોપીઓની અટક કરી જામીન મુકત કરી આરોપીઓ વીરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને તેઓ ઓળખતા હોવાનુ જણાવેલ છે.

વધુમાં સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા એ ભોટવા થી શેખપુર તર્ફ જતા રોડ પર ઘણાબધા મકાનો આવેલા છે અને ત્યાં ઘણાબધા માણસો ની અવરજવર થાય છે. એ વાત ખરી છે કે, સ્થળ પરથી આરોપી પકડાયેલ નથી. એ વાત ખરી છે કે, ભોટવા થી શેખપુર તર્ફ જતા રોડ પર ઢાળ આવેલ છે. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે જ્યાં ઢાળ હોય તો વાહન ધીમે ચલાવવુ પડે. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે ઉતારતો ઢાળ હોય તેમાંથી પડી જવાથી ગંભીર ઈજાઓ થઇ શકે છે .

(૯) વધુમાં આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ સાહેદ પોલીસ સાહેદો છે. તેમને સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ હકીકત મુજબ સમર્થન કરતી જુબાની આપેલ છે. આમ, ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવ સમયે હાલના આરોપી પોતાના કબજાનુ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી પોતાની તથા રસ્તે ચાલતા રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે ચલાવી લાવેલ હોય તેવી હકીકતને ફરીયાદી તેમજ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થવુ જરુરી છે. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તેમજ પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેમની

હાજરીમાં ફરીયાદ હકીકત મુજબ બનાવવાળા સ્થળેથી બેફીકરાઈ રીતે વાહન હંકારી લઈ આવતા હોય અને તેમને અટક કરી તેમના કબજાનુ વાહન કબજે લીધેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતને પંચનામાની વિગતે પંચનામુ કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ નથી. આમ, હાલના આરોપી પોતાના કબજાનુ વાહન પુર ઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી માનવ જીંદગી જોખમમાં મુકેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતને ફરીયાદી તેમજ સ્વતંત્ર પંચ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, માત્ર પોલીસ સાહેદો કે જેઓ ફરીયાદમાં હિત ધરાવનાર સાહેદ છે તેની સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ ના હોય તે સંજોગોમાં એકમાત્ર પોલીસ સાહેદોની જુબાનીની આધારે ફરીયાદ પક્ષનો કેસ સાબીત થયેલો માની શકાય નહી.

(૧૦) ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા ફરીયાદ પક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સાથે સાંકળતી એકમેક કડી પુરવાર કરવામાં આવેલ પુરાવો ફરીયાદ પક્ષનો વિશ્વાસનીય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય, આરોપીની સામેનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ના હોય, આરોપીની સામે ઇ.પી.કો. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩–૧૮૧ મુજબના ફરીયાદ પક્ષ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદ પક્ષ આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકા થી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, બચાવપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી, ન્યાયના હિતમાં મુદ્દા નં. ૧ નકારમાં ઠરાવીને મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: <u>આ ખ રી હુ ક મ</u> ::

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–

૨૭૧(૧)/ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૮૭, ૧૩૪, ૧૯૬, ૩–૧૮૧ મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧/ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૧૭/૦૬/૨૦૨૬** **(બી.એચ.ઓડેદરા)**
**સ્થળ : શહેરા** એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, શહેરા.
**કોડ નં.–જી.જે.૦૦૮૦૪**